# સુરત મહાનગરપાલિકા

**પ્રેસનોટ (COVID-19)**

**તા.૦૧/૦૪/૨૦૨૧**

સુરત શહેરમાં કોરોના વાયરસનાં સંક્રમણની સાંકળ  તેજ ગતિએ વધી રહી હોય સુરત મહાનગરપાલિકા પ્રશાસન કોરોના વાયરસનાં વધતા સંક્રમણને વહેલામાં વહેલી તકે નિયંત્રિત કરવા માટે અથાગ પ્રયાશો કરી રહી છે. હાલમાં શહેરમાં કોરોનાનો નવો સ્ટ્રેઈન આવેલ હોય જેમાં કોરોના અંગેનો લક્ષણો માલુમ પડતા નથી જેથી જે કોઈ વ્યકિતઓને નવા લક્ષણો માલુમ પડે તો તેઓએ તાકીદના ધોરણે સુરત મહાનગરપાલિકા ધ્વારા કાર્યરત ટેસ્ટીંગ સેન્ટરો તથા ધનવંતરી રથ મારફત  પોતાનું ટેસ્ટીંગ અચૂક કરાવે જેથી જો પોતે સંક્રમિત હોય તો તેની અસર પોતાના પરિવારના સભ્ય તથા અન્ય લોકોને ન થાય તેની તકેદારી રાખે અને સરકારશ્રીના ગાઈડલાઈન મુજબ વેકિસનેશનનો મહતમ લાભ લે કારણ કે હાલમાં કોરોના સામે રક્ષણ મેળવવા માટે વેકિસન સુરક્ષાકવચ સમાન છે. વેકિસન લેવાથી લોકો હોસ્પિટલાઈઝ થવાથી બચી શકે છે. શહેરમાંથી કોરોના વાયરસની તેજ ગતિએ દોડતી સાઈકલને ધીમી પાડવા માટે તમામ શહેરીજનોએ ગાઈડલાઈનનું અચૂક પાલન કરવુ અને મહાનગરપાલિકાને કોરોના વાયરસની લડતમાં સાથ સહકાર આપવા અનુંરોધ કરવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**

**સમાચાર યાદી નં.૧૦**

**તા.૦૧/૦૪/૨૦૨૧**